પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૦૩ | ૧૩ જાન્યુઆરી, ૨૦૨૧, બુધવાર; માગશર વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કૃષિ કાયદાના અમલ પર સુપ્રીમની મનાઈ

## કોર્ટે ત્રણેય કૃષિ કાનૂનના અમલ પર પ્રતિબંધ મૂકી ૪ સભ્યોની કમિટી બનાવી : હવે કમિટી નિર્ણાયક ભૂમિકામાં, બન્ને પક્ષકારોને સાંભળી અદાલતને રીપોર્ટ સોંપશે : સુપ્રિમે સુનાવણી દરમ્યાન સરકાર-ખેડૂત સંગઠનોને ખખડાવ્યા, અનિશ્ચિતકાળ માટે પ્રદર્શન કરવા માંગો છો તો તમારી મરજી

ન્યુ દિલ્હી,તા.૧૨

સુપ્રીમ કોર્ટએ નરેન્દ્ર મોદી સરકારને મોટો ઝાટકો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર દ્વારા પસાર કરાયેલા ત્રણ કૃષિ કાયદાના અમલીકરણ પર સ્ટે આગળના આદેશ સુધી કૃષિ કાયદાના અમલ પર પ્રતિબંધ મૂકી દીધો છે. સુનવણી દરમ્યાન કોર્ટે બંને પક્ષોને તીખા પ્રશ્નો પૂછયા હતા.

સુનવણી દરમ્યાન સુપ્રીમ કોઈ આદેશ રજૂ કરશે નહીં કે તમને સજા આપશે નહીં. આ માત્ર અમને તમારો રિપોર્ટ સોંપશે. તેમણે કહ્યું કે અમે એક કમિટીની રચના કરીએ છીએ જેથી કરીને અમારી પાસે એક તસવીર સ્પષ્ટ




મૂકી દીધો છે. સુપ્રીમ કોર્ટે આ નિર્ણય મંગળવારે આપ્યો હતો, આ મુદ્દાના નિરાકરણ માટે સમિતિની પણ રચના કરવામાં આવી છે. સરકાર અને ખેડુતો વચ્ચે લાંબા સમયથી ચાલતી વાટાઘાટોનું સમાધાન ન થતાં સુપ્રીમ કોર્ટે આ નિર્ણય લીધો હતો. સુપ્રીમ કોર્ટે પોતાના કોર્ટ અને ચીફ જસ્ટિસે સરકાર અને ખેડૂત સંગઠનોને બરાબરના ખખડાવ્યા હતા. કોર્ટે કહ્યું કે તેઓ કાયદાની માન્યતા અને નાગરિકોના જીવનને લઈ ચિંતિત છે. ચીફ જસ્ટિસે કહ્યું કે આ કમિટી બધાનું સાંભળશે. જેને પણ આ મુદ્દાનું સમાધાન જોઈએ તે કમિટીની પાસે જઈ શકે છે. આ હોય. અમે એ નથી સાંભળવા માંગતા કે કિસાન કમિટીની પાસે જશે નહીં. અમે સમસ્યાનું સમાધાન કરવા માંગીએ છીએ. જો તમે અનિશ્ચિતકાળ માટે પ્રદર્શન કરવા માંગો છો તો તમે આમ કરી શકો છો.

કિસાન સંગઠનોના વકીલ વિકાસ સિંહે કહ્યું કે ખેડૂત પ્રદર્શન સ્થળથી એ જગ્યા એ જઈ શકે છે જ્યાંથી પ્રદર્શન દેખાય. અન્યથા પ્રદર્શનનો મતલબ રહેશે નહીં. રામલીલા મેદાન પ્રદર્શન માટે આપવામાં આવે. તેના પર સુપ્રીમ કોર્ટે કહ્યું કે રામલીલા મેદાન કે બીજે કયાંય પ્રદર્શન માટે પોલીસ કમિશ્નર પાસેથી ખેડૂત મંજૂરી માટે અરજી કરી શકે છે એવો અમે ઓર્ડર કરીશું.

ચીફ જસ્ટિસ એસ.એ.બોબડે એ કહ્યું કે કમિટી આ કેસમાં ન્યાયિક પ્રક્રિયાનો હિસ્સો હશે. અમે કૃષિ કાયદાને સસ્પેન્ડ કરવાની યોજના બનાવી રહ્યા છે, પરંતુ અનિશ્ચિતકાળ માટે નહીં.

● અનુસંધાન પાન-૬ પર

### સુપ્રીમ કોર્ટે ચાર સભ્યોની કમિટી બનાવી

સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં આ મુદ્દાના સમાધાન માટે ચાર સભ્યોની કમિટી બનાવી દીધી છે. કમિટીમાં ભૂપિંદર સિંહ માન (અધ્યક્ષ બેકીયુ), ડૉ.પ્રમોદ કુમાર જોશી (આંતરરાષ્ટ્રીય પૉલિસી હેડ), અશોક ગુલાટી (કૃષિ નિષ્ણાત), અને અનિલ ધનાવત (શિવકેરી સંગઠન, મહારાષ્ટ્ર) હશે.

### કૃષિ કાયદાનો વિરોધ કરનાર વકીલે સીજેઆઈને સાક્ષાત ભગવાન ગણાવ્યા..!

કૃષિ કાયદાનો વિરોધ કરનાર વકીલ એમ.એલ.શર્મા એ સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ચીફ જસ્ટિસ એસ.એ.બોબડેને સાક્ષાત ભગવાન ગણાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે શર્મા સતત કેન્દ્ર સરકારના કૃષિ કાયદાનો વિરોધ કરી રહ્યા હતા. તેમણે આ કાયદાને ખેડૂતોની વિરૂદ્ધ ગણાવ્યો હતો.

### ખાલિસ્તાનીઓની ઘૂસણખોરી મુદ્દે સરકાર સુપ્રિમમાં સોગંધનામું રજૂ કરશે

ખેડૂત આંદોલનમાં ખાલિસ્તાનીઓની ઘૂસણખોરી અને મદદ થઈ રહી હોવાના આરોપ પર સુપ્રીમ કોર્ટે સરકારને સોગંધનામુ દાખલ કરવા જણાવ્યું છે. જેના પર સરકારે કહ્યું છે કે, તે સોગંધનામુ દાખલ કરશે અને IBના રેકોર્ડ પણ કોર્ટ સમક્ષ રજૂ કરશે.

## આંદોલન યથાવત્ જ રહેશે રાકેશ ટિકૈતની જાહેરાત

### બળજબરી વડે દૂર કરવાનો પ્રયાસ કર્યો તો ૧૦ હજાર લોકોના મોત થઇ શકે છે

ન્યુ દિલ્હી,તા.૧૨

સુપ્રીમ કોર્ટ દ્વારા આગલા આદેશ સુધી ત્રણે કૃષિ કાયદા ઉપર સ્ટે લગાવામાં આવયો છે. સાથે જ કોર્ટે આ અંગે એક કમિટિ ગઠનનો આદેશ પણ આપ્યો છે. સુપ્રીમ કોર્ટના આવા નિર્ણય બાદ પણ ખેડૂત નેતા રાકેશ ટિકૈતે કહ્યું કે આંદોલન શરુ જ રહેશે. તેમણે કહ્યું કે તેઓ ખેડૂતો સાથે ચર્ચા કરીને નક્કી કરશે કે તેઓ કમિટિ પાસે જશે કે નહીં.



તેમણે આગળ કહ્યું કે જો સરકારે બળજબરી વડે આંદોલનકારી ખેડૂતોને દૂર કરવાનો પ્રયાસ કર્યો તો તેમાં ૧૦ હજાર લોકોના મોત થઈ શકે છે. રાકેશ ટિકૈતની આ વાતથી ફરી એક વખત ચર્ચા શરુ થઈ છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા દોઢ મહિના કરતા પણ વધારે સમયથીરાજધાની દિલ્હીની સીમાઓ પર ખેડૂતો આંદોલન કરી રહ્યા છે. મોટી સંખ્યામાં ખેડૂતો ત્રણે કૃષિ કાયદાને રદ્દ કરવાની માંગ કરી રહ્યા છે.

ભારતીય કિસાન યુનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું કે અમે ખેડૂતોની કમિટિમાં આ અંગે ચર્ચા કરીશું. ૧૫ જાન્યુઆરીએ સરકાર અને ખેડૂતો વચ્ચેની બેઠકમાં સામેલ થશું. કોર્ટે જે કમિટિ બનાવવાની વાત કરી છે, તેમાં જઈશું કે નહીં તે અંગેનો નિર્ણય બાદમાં કરીશું, પરંતુ આંદોલન તો શરુ જ રહેશે. જ્યાં સુધી ત્રણે કૃષિ કાનૂન પરત લેવમાં નહીં આવે ત્યાં સુધી ઘરવાપસી નહીં થાય.

રાકેશ ટિકૈતે કહ્યું કે ખેડૂતો ૨૬ જાન્યુઆરીએ પરેડ કરીને રહેશે. સરકાર એવું વિચારે છે કે ખેડૂતોને દૂર કરવામાં એક હજાર લોકોના મોત થઈ શકે છે, પરંતુ આ ધારણા ખોટી છે. જો અમને બળજબરી પૂર્વક દૂર કરવાનો પ્રયાસ થયો તો ૧૦ હજાર લોકોના મોત થઈ શકે છે.

## લોકતંત્રનો સૌથી મોટો દુશ્મન રાજકીય વંશવાદ છે : મોદી

ન્યુ દિલ્હી,તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ પર દેશના યુવાનો સાથે વાત કરી હતી. આ સમય દરમિયાન તેણે યુવાનોને કેટલાક ધ્યેયો આપ્યા, જવાબદારીઓ જણાવી અને



રાજકારણમાં આવવાનું કહ્યું હતુ. તેઓ વીડિયો કોન્ફરન્સ દ્વારા રાષ્ટ્રીય યુવા સંસદ મહોત્સવમાં સંબોધન કર્યું હતું.

વડાપ્રધાને સંબોધન કરતાં કહ્યું હતું કે વંશવાદના રાજકારણને પણ નિશાન બનાવ્યું હતું. તેમણે કહ્યું કે રાજકીય રાજવંશ દેશનો સૌથી મોટો દુશ્મન છે. તેને જડમૂળથી ઉખાડી નાંખવો પડશે. આ કામ યુવાનોએ જ કરવું પડશે.ઁસ્એ કહ્યું કે અગાઉ ભ્રષ્ટાચાર કેટલાક લોકોની ઓળખ બની ગયો હતો. હવે દેશ પ્રમાણિક વ્યક્તિઓને પ્રેમ આપી રહ્યો છે. જન પ્રતિનિધિઓ પણ સમજવા લાગ્યા છે કે સીવી મજબૂત હોવો જોઈએ. હવે અટકની મદદથી ચૂંટણી લડનારા લોકોના દિવસો પૂરા થયા છે.

રાજકારણમાં વંશવાદનો રોગ સંપૂર્ણપણે નાબૂદ થતો નથી. કેટલાક લોકો હજી પણ સંપૂર્ણ શક્તિ સાથે તેમના કુટુંબને મજબૂત બનાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે. વંશવાદથી આગળ વધી રહેલા લોકોને લાગે છે કે જો તેમની પેઢીના ભ્રષ્ટાચારનો હિસાબ લેવામાં નહીં આવ્યો તો તેમનો પણ નહીં થાય. ન તો તેઓ કાયદા પર વિશ્વાસ કરે છે અને તેમને કાયદાનો ડર પણ નથી હોતો. યુવા પેઢીએ તેને બદલવાની જવાબદારી છે. દેશના સામાન્ય યુવાઓ રાજકારણમાં નહીં આવે, ત્યાં સુધી વંશવાદનું આ ઝેર આપણાં લોકતંત્રને નબળું કરતું રહેશે. લોકતંત્રને બચાવવા માટે આપ લોકોની રાજકારણમાં આવવું જરૂરી છે.

**વડાપ્રધાને સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ પ્રસંગે યુવાનો સાથે વાત કરી : સ્વામી વિવેકાનંદે વ્યક્તિ નિર્માણની આપી અમૂલ્ય ભેટ, વંશવાદના ઝેરને રોકવા માટે યુવા રાજકારણમાં આવે**

પોતાનો સમય દેશની સેવામાં આપો. વિવેકાનંદજી કહેતા હતા કે આ યુવા પેઢીની સદી છે. આપણાં યુવાનોએ આગળ આવીને રાષ્ટ્રના ભાગ્ય વિધાતા બનવું જોઈએ. માટે તમારી જવાબદારી છે કે ભારતનું ભવિષ્ય નક્કી કરો.રાજકારણ એ દેશને આગળ વધારવાનું શક્તિશાળી માધ્યમ છે. તેને યુવાનોની ખૂબ જ જરૂર છે. અગાઉ એવી ધારણા બની ગઈ હતી જો યુવક રાજકારણ તરફ આગળ વધે તો ત્યારે પરિવારના સભ્યો કહેતા હતા કે છોકરો બગડી ગયો છે. લડવું, ઝઘડવું, લૂંટ ચલાવવી જેવા અનેક લેબલ લાગી જતાં હતા.

## રસીકરણ છતાં ૨૦૨૧માં હર્ડ ઈમ્યુનિટીની સંભાવના ઓછી

### વાયરસનો સામનો કરવા માટે ઘણા દેશોમાં રસીકરણ શરૂ છતાં પણ હર્ડ ઈમ્યુનિટીની શક્યતા ઓછી : વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન

નવીદિલ્હી, તા. ૧૨

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના એક અગ્રણી વૈજ્ઞાનિકે ચેતવણી આપી છે કે ઘણા દેશો કોવિડ-૧૯નો સામનો કરવા માટે રસીકરણના કાર્યક્રમો શરૂ કરી રહ્યા છે, તેમ છતાં, આ વર્ષે હર્ડ ઈમ્યુનિટી બનવાની સંભાવના ઓછી છે.

ડો. સૌમ્યા સ્વામિનાથને એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે નજીકના ભવિષ્યમાં વૈશ્વિક રોગચાળાને કાબૂમાં રાખવા દેશો અને તેમના નાગરિકો સામાજિક ધારાધોરણો અને અન્ય નિયમોનું પાલન કરે તે ખૂબ મહત્વનું છે. બ્રિટન, અમેરિકા, ફ્રાંસ, કેનેડા, જર્મની, ઈઝરાઈલ, નેધરલેન્ડ અને કેટલાક અન્ય દેશોએ તાજેતરમાં રસીકરણ શરૂ કર્યું છે.

સ્વામિનાથને કહ્યું કે, આ રસી સૌથી સંવેદનશીલ લોકોનું રક્ષણ કરવાનું શરૂ કરશે, પરંતુ ૨૦૨૧માં 'પોપ્યુલેશન ઈમ્યુનિટી અથવા હર્ડ ઈમ્યુનિટી બનાવવામાં સમર્થ હશે નહીં. તેમણે કહ્યું કે, જો કેટલાક દેશોમાં કેટલીક જગ્યાએ આવું થાય છે તો પણ વિશ્વભરના લોકો તેનાથી બચી શકશે નહીં. વૈજ્ઞાનિકોના અંદાજ મુજબ, હર્ડ ઈમ્યુનિટી માટેના રસીકરણનો દર ૭૦ ટકા હોવો જોઈએ જે સમગ્ર જનતાને ચેપથી સુરક્ષિત બનાવી શકે છે. પરંતુ ઘણા વૈજ્ઞાનિકોને એ પણ ડર છે કે કોરોના વાયરસ ખૂબ

● અનુસંધાન પાન-૬ પર

## ટ્રમ્પ સામે મહાભિયોગની પ્રક્રિયા શરુ, આજે મતદાન

### આ પ્રસ્તાવ રોકવા ટ્રમ્પે ઘણા ધમપછાડા કર્યા

વોશિંગ્ટન,તા.૧૨

ડેમોક્રેટિક પાર્ટીના ત્રણ સાંસદોએ સોમવારે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ દાખલ કર્યો છે. સાંસદોએ તેમના પર આરોપ લગાવ્યો કે તેઓ તેમના સમર્થકોને



છેલ્લા અઠવાડિયે કેપિટલ બિલ્ડિંગ (યુએસ સંસદ)માં હિંસા ભડકાવવા માટે ઉશ્કેરતા હતા. આ પ્રસ્તાવ સાંસદ જેમી રસ્કિન, ડેવિડ સિસિલીન અને ટેડ લ્યુ દ્વારા લાવવામાં આવ્યા છે અને યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના ૨૧૧ સભ્યો દ્વારા તેને ટેકો મળ્યો છે. આ દરખાસ્ત પર આવતી કાલે મતદાન લેવામાં આવશે. મીડિયામાં બહાર પાડવામાં આવેલા નિવેદન મુજબ, આ પ્રસ્તાવના પગલે ૬ જાન્યુઆરીએ નિવૃતમાન રાષ્ટ્રપ્રમુખ પર 'દેશદ્રોહ માટે ભડકાવવાનો' આરોપ મૂકાયો છે.

## આઈટી રિટર્ન ભરવાની તારીખ નહિ લંબાવાય

નવી દિલ્હી, તા. ૧૨

જો તમે કોઈ નાની કંપની ચલાવો છો અથવા કોઈ ધંધો કરો છો પરંતુ આજ સુધી તમે તમારી આટીઆર ફાઈલ કરી નથી, તો પછી આવકવેરા વિભાગના આ હુકમને સમજો. હકીકતમાં, સરકારે ઓડિટની જરૂરિયાતવાળા ખાતાઓ માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની છેલ્લી તારીખ વધારવાની ના પાડી છે.

એટલે કે, જો કોઈ પેઢી અથવા વ્યવસાયના ખાતાનું ઓડિટ આવશ્યક છે અને તેણે રિટર્ન ફાઈલ કરી નથી, તો આવા કરદાતાઓ માટે રિટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ લંબાશે નહીં, તેઓએ ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી પોતાની આરટીઆર ફાઈલ કરવી પડશે. આવકવેરા વિભાગે ટ્વીટ દ્વારા આ સૂચના આપી છે.

### ૧૫ ફેબ્રુઆરી સુધીમાં ફાઈલ રિટર્ન કરવા નિર્દેશ

તમને જણાવી દઈએ કે ગુજરાત હાઈ કોર્ટે નાણાં મંત્રાલયને આ સમયમર્યાદામાં વધારો કરવા અંગે સ્પષ્ટ માહિતી આપવા આદેશ આપ્યો હતો. આ પછી, સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સે આ માહિતી આપી છે. સીબીડીટીએ કહ્યું કે, ડ્યૂ ડેટ્સ વધારવાના તમામ અહેવાલો રદ કરવામાં આવે છે. જે કરદાતાઓના બાકી રકમ ૧,૦૦,૦૦૦ કરતા વધુ નથી. તેના સેલ્ફ-અસેસમેન્ટ ટેક્સની ચુકવણીની નિયત તારીખ પણ તે જ છે, જે આઈટીઆર ફાઈલ કરવાની તારીખ છે.

## બેડમિન્ટન સ્ટાર સાઈના નેહવાલ કોરોના પોઝિટિવ

નવી દિલ્હી, તા. ૧૨

બેડમિન્ટન સ્ટાર સાઈના નેહવાલ કોરોના પોઝિટિવ આવી છે. સાઈના બેડમિન્ટન ટૂર્નામેન્ટ રમવા માટે થાઈલેન્ડમાં છે, હવે તેને હોસ્પિટલમાં ક્વોરેન્ટીન કરી દેવામાં આવી છે.

કોરોના પોઝિટિવ થયા બાદ આ સાઈના નેહવાલ માટે મોટો ઝટકો સાબિત થયો છે, કારણ કે ૧૨થી ૧૭ જાન્યુઆરી વચ્ચે યોનેક્સ થાઈલેન્ડ ઓપન રમાશે.

FIGHT CORONA
M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી
ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

નાસથી નાશે વાયરસ
કોઈપણ વાયરસ નાક અને ગળા દ્વારા જ શરીરમાં પ્રવેશે છે,
સંરક્ષણ માટે નાસ ઉત્તમ ઉપાય છે...
શ્રદ્ધા આયુર્વેદિક નાસ
૨૧ પ્રાકૃતિક પદાર્થોનું પાવરફુલ મિશ્રણ
નાકના નેસોફેરિન્ક્સ; જ્યાં વાયરસ રહે છે.
નાસમાં રહેલા દ્રવ્યોને ઊંડા શ્વાસ દ્વારા
નેસોફેરિન્ક્સમાં લઈ જાઓ અને સુરક્ષા મેળવો...
માત્રા : ૧૦૦ ગ્રામ ઉકળતા પાણીમાં ૪ ગ્રામ મિશ્રણ
પ્રાપ્તિસ્થાન :
૩૨૮/૩૨૯, C/o શ્રદ્ધાદીપ બ્લડબેન્ક,
આઈસીઆઈસીઆઈ બેન્કની પાછળ, ઘ-૪ સર્કલ નજીક,
સેક્ટર-૧૬, ગાંધીનગર.
Shraddha Ayurvedic NASS
PARAM